<u>નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ</u>–

**<u>આંક–૮૧</u>**

## <u>ફોર્મ–'એ'</u>

| |
|---|
| **દાહોદ જીલ્લાની એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો) કોર્ટ મુ.લીમખેડા, જી.દાહોદ** |
| **એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો)જજ.** |
| **[ચુકાદાની તારીખઃ ૧૮/૦૩/૨૦૨૬]** |
| **[ <u>સ્પે.(પોકસો) કેસ નં.૨૬/૨૦૨૫</u>]** |
| **(<u>એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>)** |
| ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૧૪૨૫૦૫૯૦/૨૦૨૫ |
| ગુનોઃ– **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોક્સો એકટ–૪, ૬ મુજબ.** |
| પોલીસ સ્ટેશનઃ– ધાનપુર પોલીસ સ્ટેશન, જી.દાહોદ. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ ભોગ બનનારના પિતા) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.બી.ચૌહાણ |
| આરોપી | કાર્તિકભાઈ અભેસીંગભાઈ ભુરીયા<br>ઉ.વ.૧૯, ધંધો–ખેતી,<br>રહે.અલીન્દ્રા, ગામતળ ફળીયું,<br>તા.ધાનપુર, જી.દાહોદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તર્ફે વિદ્ધાન વકીલ શ્રી આર.વી.વણકર |

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૦૯–૦૫–૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | તા.૧૧–૦૫–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૨૮–૦૮–૨૦૨૫ |

| | |
|---|---|
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૧૯–૦૯–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૦૪–૧૨–૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૧૮–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૮–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

## આરોપીની વિગતઃ–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર | શું સજા કરી | સીઆર.પી.સી.નીકલમ ૪૨૮મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાર્તિકભાઈ અભેસીંગભાઈ ભુરીયા | તા.૨૩/૭/૨૦૨૫ | તા.૨૨/૮/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોક્સો એક્ટ–૪, ૬ મુજબ. | નિર્દોષ | –– | ૩૦ દિવસ |

## ફોર્મ–'સી'

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં સાહેદોનું લીસ્ટ.

### એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| ૧ | ભોગ બનનારના પિતા.(આંક–૧૦) | ફરિયાદી |
| ૨ | ભોગ બનનાર.(આંક–૧૨) | ભોગ બનનાર |

| | | |
|---|---|---|
| ૩ | બચુભાઈ મીકાભાઈ બારીયા(આંક–૧૮) | પંચ સાહેદ (ફરિયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના) |
| ૪ | અલ્કેશભાઈ રાયસીંગભાઈ બારીયા.(આંક–૨૧) | પંચ સાહેદ (આરોપીના દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના) |
| ૫ | ગૌતમકુમાર ઉદેસીંગભાઈ રાઠોડ.(આંક–૩૧) | પંચ સાહેદ (ભોગ બનનારના દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના) |
| ૬ | ચંપકકુમાર કિશનસિંહ પટેલ.(આંક–૩૭) | પંચ સાહેદ (ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચનામાના) |
| ૭ | ડૉ. નૈસર્ગી વિનોદકુમાર મંડોવરા.(આંક–૪૧) | ગાયનેકોલોજીસ્ટ (ઝાયડસ હોસ્પિટલ) |
| ૮ | ડૉ. મનીષકુમાર મહેશભાઈ સિન્હા.(આંક–૪૯) | મેડીકલ ઓફિસર (ધાનપુર સી.એસ.સી.) |
| ૯ | ભુપેન્દ્રસિંહ વિશ્વરથસિંહ ઝાલા.(આંક–૫૭) | ત.ક.અમલદાર (ધાનપુર પો. સ્ટે.) |

## **બી. બચાવ પક્ષના સાહેદો, જો કોઈ હોય તોઃ–**

| **સાહેદ નંબર** | **નામ** | **ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો** |
|---|---|---|
| –– | –– | –– |

## **સી. કોર્ટનાં સાહેદો, જો કોઈ હોય તોઃ–**

| **સાહેદ નંબર** | **નામ** | **ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો** |
|---|---|---|
| –– | –– | –– |

## <u>ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.</u>

### <u>એ.</u> <u>ફરિયાદ પક્ષ તર્ફેઃ</u>–

| આંકનો નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| ૧૧ | ફરિયાદ | સાહેદ નં.૧ |
| ૧૩ | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન. | સાહેદ નં.૨ |
| ૧૪ | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર. | એટેસ્ટેડ બાય |
| ૧૯ | ફરિયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૩ |
| ૨૨ | આરોપીની શરીર સ્થિતિ તથા દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૪ |
| ૨૩ થી ૨૫ | પંચ સ્લીપો. | સાહેદ નં.૪ |
| ૨૬ | આરોપીએ બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૪ |
| ૨૭ | પંચ સ્લીપ. | સાહેદ નં.૪ |
| ૩૨ | ભોગ બનનારની શરીર સ્થિતિ તથા દુષ્કર્મ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૫ |
| ૩૩ થી ૩૫ | પંચ સ્લીપો. | સાહેદ નં.૫ |
| ૩૮ | ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૬ |
| ૪૨ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ. | સાહેદ નં.૭ |
| ૪૩ | ભોગ બનનારનો કલીનીકલ પેથોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૪ | ભોગ બનનારનું પ્રોવીઝનલ મેડીકલ ઓપીનીયન. | સાહેદ નં.૭ |
| ૪૫ | ભોગ બનનારનો શીટો પેથોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૬ | ભોગ બનનારનો અલ્ટ્રા સોનોગ્રાફી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૭ | ભોગ બનનારનો રેડીયોલોજીસ્ટ રીપોર્ટ. | સાહેદ નં.૭ |

| | | |
|---|---|---|
| ૫૦ | ભોગ બનનારની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૮ |
| ૫૧ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૮ |
| ૫૨ | આરોપીની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૮ |
| ૫૩ | આરોપીનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૮ |
| ૫૮ | ડી.એન.એ. સેમ્પલ લેવા માટેની યાદી. | સાહેદ નં.૯ |
| ૫૯ થી ૬૧ | મુદ્દામાલ રવાનગી પત્રકો. | સાહેદ નં.૯ |
| ૬૨, ૬૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા બદલની પહોંચ. | સાહેદ નં.૯ |
| ૬૪ | એફ.એસ.એલ. રીપોર્ટ.(ડી.એન.એ. વિભાગ) | સાહેદ નં.૯ |
| ૬૫ | પંચનામા દરમ્યાન કરેલ કાર્યવાહીની સીડી. | સાહેદ નં.૯ |
| ૬૬ | બ.એસ.એ.કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૯ |
| ૬૭ થી ૭૧ | બ.એસ.એ.કલમ–૬૩(૪)(સી) મુજબના પ્રમાણપત્રો.(ઈ–સાક્ષ્ય એપ્લીકેશનમાંથી જનરેટ થયાના) | સાહેદ નં.૯ |
| ૭૨ થી ૭૫ | સરકારી પંચો ફાળવવા માટેની યાદીઓ. | સાહેદ નં.૯ |
| ૭૬ | એફ.આઈ.આર. પરત મેળવવાની યાદી. | સાહેદ નં.૯ |
| ૭૭ | કલમ ઉમેરાનો રીપોર્ટ. | સાહેદ નં.૯ |
| ૭૮ | તપાસ સંભાળી લેવાનો પત્ર. | સાહેદ નં.૯ |

**<u>બી. બચાવ પક્ષ તર્ફે:</u>–**

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટના આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## ડી. મુદ્દામાલઃ–

| અ.નં. | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| મુદ્દામાલ પાવતી નં.૧૩૪/૨૦૨૫ | | |
| ૧ | ભોગ બનનારનો જાંગીયો –૧ | સાહેદ નં.૫ |
| ૨ | ભોગ બનનારનો લેઘો–૧ | સાહેદ નં.૫ |
| ૩ | ભોગ બનનારનું ટોપ–૧ | સાહેદ નં.૫ |
| મુદ્દામાલ પાવતી નં.૧૫૮/૨૦૨૫ | | |
| ૧ | આરોપીનો જાંગીયો –૧ | સાહેદ નં.૪ |
| ૨ | આરોપીનો શર્ટ –૧ | સાહેદ નં.૪ |
| ૩ | આરોપીનું પેન્ટ–૧ | સાહેદ નં.૪ |
| મુદ્દામાલ પાવતી નં.૦૦/૨૦૨૫ | | |
| ૧ | ગોદડી–૧ | સાહેદ નં.૪ |

## – જ જ મે ન્ટ –

(૧) આ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨–એન)(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષા અધિનિયમ(હવે પછી જેને ચુકાદામાં પોક્સો એક્ટ તરીકે ઓળખીશું)ની કલમ–૪, ૬ અન્વયેનો એટલે કે સ્ત્રી અત્યાચાર વિરુદ્ધનો છે જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના 2023(0) AIJEL-SC-72600, SUPREME COURT OF INDIA, State of Rajasthan Versus Gautam S/o Mohanlal ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત મુજબ ભોગ બનનાર કે તેના પરીવારના સભ્યોની ઓળખ છતી ના થાય તે હેતુથી આ ચુકાદામાં તેનો ભોગ બનનાર તરીકે ઉલ્લેખ કરવામાં

આવેલો છે અને પક્ષકારોના ધર્મ, જાતિનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

(૨) આ કામમાં તપાસવામાં આવેલ સાહેદોને ચાર્જશીટમાં જે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણે નહી પરંતુ અદાલતમાં જે ક્રમ મુજબ તપાસવામાં આવેલ છે તે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ ધાનપુર પોલીસ મથકે પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલી કે, મારે વસ્તારમાં એક છોકરો અને ચાર છોકરીઓ છે જેમાં ભોગ બનનાર ત્રીજા નંબરની છે જેની બનાવ સમયે ઉ.વ.૧૫ વર્ષ ૪ માસ ૧૯ દિવસની છે જે રત્નદિપ દે.બારીયા ખાતે ધોરણ-૧૦ માં અભ્યાસ કરે છે.

ગઈ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ હું તથા મારી પત્ની તથા મારા છોકરાઓ એમ ઘરે હતા અને રાત્રીના આશરે દસેક વાગ્યે હું તથા મારી પત્ની તથા મારો છોકરો એમ અમારા ઘરમાં નીચે ઉંઘી ગયેલ હતા અને ત્રણેય છોકરીઓ ઘરમાં બીજા માળે ઉંઘવા માટે ગયેલ હતા અને બીજા દિવસે અમો ઉઠેલ અને જોયેલ તો ભોગ બનનાર જોવા મળેલ ન હોય મે તથા મારા ઘરના માણસોએ આજુબાજુના ઘરોમાં તપાસ કરેલ પરંતુ ભોગ બનનારની કોઈ ભાળ મળી આવેલ નહી અને શોધખોળ કરતા વાતોવાતથી જાણવા મળેલ કે ભોગ બનનારને અલીન્દ્રા ગામે રહેતો કાર્તિકભાઈ અભેસીંગભાઈ ભુરીયા મારી છોકરીનું અપહરણ કરી લઈ ગયેલ છે તેવી વાત જાણવા મળતા હું તથા કુટુંબના માણસો સાથે કાર્તિકભાઈ અભેસીંગભાઈ ભુરીયાના ઘરે તપાસ કરવા ગયેલ તે વખતે છોકરાના પિતા અભેસીંગભાઈએ બન્ને મળી જશે ત્યારે પરત સોંપી દઈશું તેવી વાક કરતા પરત ઘરે આવતા રહેલ અને સમાજમાં આબરુ જશે તેમ વિચારી જે તે વખતે ફરિયાદ કરેલ નહી પરંતુ આજદિન સુધી ભોગ બનનારને પરત સોંપેલ ના હોય આરોપી વિરુદ્ધ કાયદેસરની તપાસ થવા હાલની ફરિયાદ આપેલ છે.

(૪) ઉપર મુજબની ફરિયાદ હકીકત જાહેર થતા ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુના રજીસ્ટર ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો દાખલ કરી પી.એસ.ઓ.નો સી.આર.પી.સી.કલમ–૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

(૫) ત્યારબાદ ત.ક.અમલદારે ગુનાની હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું નિયમ મુજબ કરી તમામ કાર્યવાહી કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ભોગ બનનાર તથા આરોપી મળી આવતા આરોપીને તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરવામાં આવેલ અને ભોગ બનનાર સાથે આરોપીએ અવારનવાર દુષ્કર્મ કરેલાની હકીકત તપાસમાં મળી આવતા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૫(૧) તથા પોક્સો એકટ–૪, ૬ મુજબના ગુનાનો ઉમેરો કરવાનો રીપોર્ટ કોર્ટમાં કરવામાં આવેલ. ત્યારબાદ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ સાથે મોકલી આપવામાં આવેલ. આ કામે જરુરી પંચનામા કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોક્સો એકટ–૪, ૬ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ મોકલી આપવામાં આવેલ.

(૬) ઉપર મુજબનું ચાર્જશીટ રજુ થતા તે અત્રેની કોર્ટમાં સ્પે.(પોકસો) કેસ નં.૨૬/૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. આ કામના આરોપીને અત્રેની અદાલતમાં રજુ થતા આરોપી તર્ફે વિ.વકીલશ્રી આર.વી.વણકર હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ હાજર થયેલા.

(૭ ) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૬ ની લીસ્ટથી કુલ–૪૧ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૮) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી આર.વી.વણકરની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપી વિરુદ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપી વિરુદ્ધ આંક–૪ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતનો ઈન્કાર કરી તે લગત આરોપીનું આંક–૫ થી નિવેદન નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૯) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ " સી "માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧૦) ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૭૯ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

(૧૧) ફરિયાદ પક્ષનો પુરાવા પુરો થયા બાદ સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૨) **દલીલો –**

ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૧૨.૧) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ આંક–૪ થી આક્ષેપીત ગુનાનું

તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી છે. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે ફરિયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેમની જુબાની જોવામાં આવી છે. આ સાહેદે બનાવ નજરે જોયેલો નથી પરંતુ ભોગ બનનાર ઘરેથી ચાલી ગયા બાદ પરત આવેલી ના હોવાથી તપાસ કરતા વાતો–વાતથી જાણવા મળેલ કે આ કામના આરોપી ભોગ બનનારને લઈ ગયેલ છે. જેથી આરોપી વિરુદ્ધ નામજોગ ફરિયાદ આપી છે. સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવી છે. તેણીએ ધોરણ–૧૦ સુધીના અભ્યાસ કરેલો છે. તેણીની જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની છે. આમ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે. ભોગ બનનારનું વિ.જયુડી.મેજીસ્ટ્રેટ રુબરુનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું વિશેષ નિવેદન આંક–૧૩ થી રજુ કર્યુ છે. ભોગ બનનારે મેડીકલ ઓફીસર રુબરુ બનાવની હિસ્ટ્રી આપી છે. આરોપીએ મેડીકલ ઓફીસરશ્રી રુબરુ આપેલી હિસ્ટ્રીમાં પણ તેઓએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલાનું સ્વીકાર્યું છે. બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે જેથી આરોપી સામે આક્ષેપીત ગુનો પ્રસ્થાપિત થાય છે. ત.ક.અમલદારે જરુરી અને યોગ્ય તપાસ કર્યાબાદ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કર્યું છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું જણાવી આરોપીને કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

(૧૨.૨) આરોપીના વિ.વકીલશ્રી આર.વી.વણકરનાએ તેમની દલીલોમાં જણાવેલ છે કે ફરિયાદ પક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ભોગ બનનારની તલાટી દફતરે જે જન્મ તારીખ લખાવેલી છે તે અંદાજીત લખાવેલ હોવાની હકીકતનો ફરિયાદીએ સ્વીકાર કરેલ છે. ફરિયાદ ગામ આગેવાનોએ પોલીસમાં લખાવેલી અને ફરિયાદમાં આરોપીનું નામ શંકાના આધારે આપેલું. ભોગ બનનારે તેઓની જુબાનીમાં ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે અને બનાવના દિવસે ઘરકામ બાબતે માતાએ ઠપકો આપતા પોતાની સ્વેચ્છાએ ઘર છોડીને મજુરીકામે ચાલ્યા ગયેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં કોઈ ઈસમ મારું અપહરણ કરીને લઈ ગયેલો હોય કે તેની સાથે કોઈ દુષ્કર્મ

કરેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આરોપીએ ભોગ બનનાર સાથે કોઈ જબરજસ્તી કરી ગેરકાયદેસર અપહરણ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ભોગ બનનારે મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ જે હિસ્ટ્રી લખાવેલી છે તે તેની માતા અને પોલીસને કહેવાથી લખાવેલી છે. અન્ય રજુ મેડીકલ પુરાવાથી પણ ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુના પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયા પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુના પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોવાનું જણાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૩) આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની(બાળક) હતી?

મુદ્દા નં.૨ :- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૬-૩૦ વાગ્યાના સુમારે મોજે ગામ વાખસીયા માળ ફળીયા મુકામેથી આ કામના ફરિયાદીની સગીર વયની છોકરી ભોગ બનનાર, ઉ.વ.૧૫ વર્ષ ૦૪ માસ ૧૯ દિવસનાનીને આ કામના આરોપીએ પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પોતાની પત્ની તરીકે રાખવા સારુ અપહરણ કરી લઈ જઈ તેણીની સાથે અવારનવાર દુષ્કર્મ કરી પ્રવેશ જાતિય હુમલો તથા ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરી આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોક્સો એકટ-૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૩ :- શું હુકમ ?

(૧૪) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

## – પુરાવાનું મુલ્યાંકન, ચર્ચા અને કારણો –

### (૧૫) મુદ્દા નં.૧ ની ચર્ચા –

(૧૫.૧) આરોપી સામે ધી પોક્સો એક્ટની કલમ–૪, ૬ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે ત્યારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી તે હકીકત મહત્વની બને છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરિયાદ પક્ષે આ હકીકત પુરવાર કરવાની જરુરીયાત છે.

(૧૫.૨) ભોગ બનનારની ઉંમર નક્કી કરવા અંગેના કાયદાકીય પ્રબંધો જોવામાં આવે તો તે આ મુજબ છે. ધી પોક્સો એક્ટની કલમ–૨(ડી) માં બાળકની વ્યાખ્યા આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

**કલમ–૨(ડી) –** બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઈ વ્યકિત.

(૧૫.૩) ધી પોક્સો એક્ટની કલમ–૩૪ ની જોગવાઈ પણ આ કામે અહીં ટાંકવી મહત્વની બની જાય છે જે નીચે મુજબ છે.

કલમ–૩૪(૨) – ખાસ અદાલત સમક્ષ કોઈ કાર્યવાહીમાં આ સંબંધમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ વ્યકિત બાળક કે કેમ? ત્યારે ખાસ અદાલત આવા વ્યકિતની ઉંમર વિશે પોતે નક્કી કર્યા પછી આવા પ્રશ્નનું અનુમાન કરવામાં આવશે, અને તે આવા અનુમાન માટેના કારણોની લેખીતમાં નોંધ કરશે.

(૧૫.૪) નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **૨૦૧૫(૭) એસ.સી.સી., પેજ નં.૭૭૩ (સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુધ્ધ અનુપસીંઘ)**નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું અવલોકન કરેલ છે કે બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ધ્યાને લેવાની રહે છે.

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ અમલમાં આવેલો છે અને તે સંજોગોમાં તેની કલમ–૯૪ ને પણ વંચાણે લેવાની રહે છે.

(૧૫.૫) જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૯૪. ઉંમરનું અનુમાન અને નક્કી કરવું.**

(૧) જ્યાં સમિતિ અથવા બોર્ડ સમક્ષ આ અધિનિયમની કોઈપણ જોગવાઈ(સિવાય કે પુરાવો આપવાના હેતુ માટે) હેઠળ રજુ કરવામાં આવેલ વ્યકિતના દેખાવના આધારે, તેઓને ચોક્કસ લાગે કે સદર વ્યકિત એક બાળક છે, તો સમિતિ અથવા બોર્ડે બાળકની ઉંમર જેટલી નજીકની જણાય તેટલી દર્શાવીને તેવા અવલોકનો નોંધવાના રહેશે અને ઉંમરની વધુ ખાત્રી કર્યા સિવાય કલમ–૧૪ અથવા કલમ–૩૬ જે લાગુ પડતું હોય તે હેઠળ તપાસ હાથ ધરવાની રહેશે.

(૨) સમિતિ અથવા બોર્ડ પાસે, તેઓ સમક્ષ રજુ કરવામાં આવેલ વ્યકિત, બાળક છે કે નથી તે અંગે શંકા માટે વાજબી કારણો હોય તેવા કિસ્સામાં, સમિતિ અથવા બોર્ડ, જે લાગુ પડતું હોય તેઓએ નીચે મુજબના પુરાવાઓ મેળવી ઉંમર નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધીત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રિક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત ધ્વાર આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર.

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઑસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે નક્કી કરવાની રહેશે.

એ શરત છે કે,સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ ઉંમર નક્કી કરવાની પરીક્ષા તેવા હુકમથી પંદર દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૪) સમિતિ અથવા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવેલ, વ્યકિતની તેઓ ધ્વારા નોંધવામાં આવેલ ઉંમરને, આ અધિનિયમના હેતુ માટે, તે વ્યકિતની ઉંમર તરીકે ગણવાની રહેશે.

આમ, ઉપરોક્ત જોગવાઈને જોતા પ્રથમ શાળાનું જન્મનું પ્રમાણપત્ર અથવા તો મેટ્રીક્યુલેશન તથા તેની સમકક્ષ સર્ટીફિકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે અને સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીક્યુલેશન સર્ટીફિકેટ કે તેની સમકક્ષ સર્ટીફિકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ ક્લોઝ (iii) મુજબ ક્લોઝ (i) અને ક્લોઝ (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઓસીફિકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી ઉંમર નક્કી કરવાની રહે છે.

(૧૫.૬) આ બનાવની ફરિયાદ ભોગ બનનારના પિતાએ તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ ધાનપુર પોલીસ સ્ટેશનમાં આપેલી છે. તેમાં તેઓએ એવી હકીકત લખાવેલી છે કે ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની છે. જેની બનાવ સમયે ઉંમર ૧૫ વર્ષ ૪ માસ અને ૧૯ દિવસની હતી અને તેણીની ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી હતી. ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે ભોગ બનનાર ધોરણ-૧૦ સુધી ભણેલી છે. તેણીની જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં ફરિયાદીએ એવી હકીકત જણાવેલી છે કે મે મારી ભોગ બનનાર છોકરીને શાળામાં દાખલ કરેલી ત્યારે તથા તલાટી દફતરે ભોગ બનનારના જન્મની નોંધ કરાવી ત્યારે જન્મ તારીખ અંદાજે લખાવેલી.

(૧૫.૭ ) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવેલી છે તેમાં તેણીએ જણાવેલું છે કે હું ધોરણ–૧૦ સુધી ભણેલી છું. મારી જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની છે.

આમ, ફરિયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેઓએ તેમજ ભોગ બનનારને જુબાનીમાં ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની હોવાનું જણાવેલું છે.

(૧૫.૮) ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૪ થી ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે. બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ આ જન્મનું પ્રમાણપત્રનો સ્વીકાર કરી આંક આપવા સામે વાંધો ના હોવાનું જાહેર કરેલ છે. આમ, આંક–૧૪ નો દસ્તાવેજ બચાવ પક્ષ તરફથી ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. સદર ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૯/૧૨/૨૦૦૯ ની દર્શાવેલી છે. જેને બનાવ તારીખ તા.૦૮/૦૫/૨૦૨૫ ની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ તારીખે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૪ માસ અને ૧૯ દિવસની હોવાનું મળી આવે છે. આ હકીકતને બચાવ પક્ષ દ્વારા ઈન્કાર કરવામાં આવેલ નથી. આમ, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવાનું એટલે કે સગીર વયની(બાળક) હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેતા હોય **મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૬) મુદ્દા નં.૨ ની ચર્ચા–

(૧૬.૧) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામેના આક્ષેપીત ગુનામાં એટલે કે જાતિય હુમલો/બળાત્કારના કિસ્સામાં પુરાવાઓનું મુલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ તે સંબંધેના નક્કી કરવામાં આવેલ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતોને

લક્ષમાં લેવાની જરુરીયાત છે.

> (૧) **૨૦૦૩(૫) એસ.સી.સી.-૭૬૬ (સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુધ્ધ આશારામ)**ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલું છે કે, આવા પ્રકારના ગુનાઓમાં માત્ર ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય છે સિવાય કે અન્ય પુરાવાનું સમર્થન મેળવવા માટે વિશિષ્ય સંજોગો હોય. ભોગ બનનારનો પુરાવો તે ઈજા પામનાર સાહેદ કરતા પણ વિશેષ મહત્વનો અને આધારભૂત છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય છે.

(૧૬.૨) ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત તેમજ ધી પોક્સો એક્ટની કલમ-૨૯ તથા ૩૦ ની જોગવાઈને લક્ષમાં લેતા આવા ગુનાઓમાં ભોગ બનનારનો પુરાવો અગત્યનો છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો એકમાત્ર તેઓના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને કસૂરવાર ઠરાવી શકાય તેમ છે તેમજ ફરિયાદ પક્ષ બનાવ બન્યાની આધારભૂત હકીકતો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તો આ અધિનિયમની કલમ-૨૯ મુજબ આરોપીની વિરુદ્ધનું અનુમાન કરવાનું રહે છે અને તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. આ મુજબની કાયદાકીય જોગવાઈને લક્ષમાં લઈ ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૬.૩) ફરિયાદ પક્ષ તરફથી ફરિયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેઓને સાહેદ નં.૧ તરીકે આંક-૧૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ બનેલો અને બનાવના દિવસે હું તથા મારી પત્ની અને બાળકો રાત્રીના દસ વાગ્યે સુઈ ગયેલા હતા અને બીજા દિવસે વહેલી સવારમાં ઉઠીને જોયેલ તો ભોગ બનનાર જોવા મળેલ નહી જેથી ઘરોમાં તથા કુંટુંબમાં તપાસ કરેલી પરંતુ તેણીને પત્તો મળી આવેલ નહી જેથી ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. આરોપીને ઓળખું છું જે કોર્ટમાં હાજર છે.

સદર ફરિયાદીએ ફરિયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ના હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ

તેમાં તેઓએ એ હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે કે ફરિયાદમાં મે એવી હકીકત લખાવેલ નથી કે અમોને વાતોવાતથી જાણવા મળેલ કે અલીન્દ્રા ગામે રહેતો કાર્તિક અભેસીંગ ભુરીયા મારી ભોગ બનનાર છોકરીને અપહરણ કરી લઈ ગયેલ છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરુહું ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસને ગામ આગેવાનોએ વાત કરેલ તે મુજબ પોલીસે ફરિયાદ લખી લીધેલી. હાલના આરોપીનું નામ શંકાના આધારે પોલીસને આપેલું.

(૧૬.૪) ફરિયાદ પક્ષના સાહેદ નં.૨ ભોગ બનનારની જુબાની આંક–૧૨ થી લેવામાં આવેલ છે. ભોગ બનનારની જુબાની તે અગત્યનો પુરાવો છે. તેણીએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી સાત મહીના પહેલા બનેલો અને મારી માતાએ મને ઘરકામ બાબતે ઠપકો આપતા હું મારા ઘરે કોઈને કહ્યા વગર રાતની જતી રહેલી અને અમારા ગામની આજુબાજુના લોકો મોરબી બાજુ મજુરીકામે જતા હોય તેઓની સાથે જતી રહેલી અને ત્યાં થોડો સમય મજુરી કામ કરેલ અને ત્યારબાદ મારી મમ્મીના ઘરે આવતા મારા પિતા અને ધાનપુર પો.સ્ટે. લઈ ગયેલા અને ત્યારબાદ ધાનપુર સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યાં ડૉક્ટર સાહેબે પુછપરછ કરેલી અને મેડીકલ તપાસ કરવામાં આવેલી. ત્યાંથી મને ધાનપુર કોર્ટમાં જજ સાહેબ રુબરુ લઈ ગયેલા અને ત્યાં જવાબ લેવામાં આવેલ. આજરોજ સફેદ કવરમાંથી બન્ને પક્ષકારોની હાજરીમાં એક કવરમાંથી નીકળેલ નિવેદન નીકળેલ જેમાં દરેક પાના ઉપર મારી સહી છે જેને આંક–૧૩ આપવામાં આવે છે. બનાવ સમયે પહેરેલ કપડા પોલીસમાં રજુ કરેલા. વધુમાં આ ભોગ બનનારે જણાવેલ છે કે એવું બનેલ નથી કે કોઈ ઈસમ મારું અપહરણ કરીને મને લઈ ગયેલો હોય અને મારી સાથે કોઈ દુષ્કર્મ કરેલ હોય.

આમ, ભોગ બનનારે ફરિયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ના હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિસ્તારપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ તેમાં તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં બનાવ બન્યાની હકીકત લખાવેલાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરુહું ભોગ બનનારે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે હું મારી જાતે ઘર છોડીને મજુરીકામે જતી રહેલી. આરોપી મને કોઈ જગ્યાએ લઈ ગયેલો નથી કે હાલના આરોપીએ મારી સાથે કોઈ શરીર સંબંધ બાંધેલ નથી.

આમ, ફરિયાદી તેમજ ભોગ બનનારની જુબાની વંચાણે લેવામાં આવે તો બન્ને સાહેદોએ બનાવની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

(૧૬.૫) ભોગ બનનારનું ધાનપુર જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ લેવામાં આવેલું. જે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૩ થી રજુ કરવામાં આવેલું છે. જેમાં ભોગ બનનારે વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ એવી હકીકત લખાવેલી છે કે,"આરોપીએ મને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરીને કહેલ કે આપડે ભાગી જઈએ જેથી મે તેને ભાગી જવાની ના પાડી. પછી એ મને ધમકી આપેલ કે તને મારી નાંખીશ જેથી હું તેની સાથે ભાગી જવા તૈયાર થયેલી. ત્યારબાદ તા.૦૯/૦૫/૨૦૨૫ રોજ વહેલી સવારે આશરે ચારેક વાગ્યે ઘરના બધા સુતા હતા ત્યારે હું ઘરની બહાર નીકળી ગયેલ અને કાર્તિક બહાર રોડ ઉપર ઉભો હતો. ત્યારપછી અમે સવારમાં બસમાં બેસીને બારીયા ગયા હતા. અને ત્યાં રોકાયા તે દરમ્યાન કાર્તિકે મારી મરજી વિરુદ્ધ મારી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ. ત્યારબાદ અમે બસમાં બેસી મોરબી ટાઈલ્સની કંપનીમાં જતા રહેલા. ત્યાં એક કંપનીના રુમ હતા. અમે આશરે પંદરેક દિવસ રોકાયેલા. અમે ત્યાં રોકાયેલા ત્યાં પણ તેણે મારી મરજી વિરુદ્ધ મારી સાથે શરીર સંબંધ બાંધેલા."

આમ, ભોગ બનનારે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં બનાવ બાબતેની હકીકતો જણાવેલી છે. આરોપી તેને લઈ ગયેલ તેમજ તેણીની સંમતિ વગર ઘણી વખત શારીરીક સંબંધ બાંધેલાનું લખાવ્યું છે.

(૧૬.૬) ભોગ બનનારને પોલીસ સ્ટેશનમાં લાવ્યાબાદ પ્રથમ શારીરીક તપાસ માટે સી.એચ.સી. ધાનપુર મુકામે લઈ જવામાં આવેલ છે. ફરિયાદ

પક્ષના સાહેદ નં.૮ ડૉ. મનિષકુમાર મહેશભાઈ સિન્હાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના કલાક ૬–૪૦ વાગ્યે ધાનપુર પો.સ્ટે.ની યાદી સાથે ભોગ બનનારને લાવવામાં આવેલ. તેણીને હિસ્ટ્રી બાબતે પુછતા જણાવેલ કે, "એક વર્ષ પહેલા ગામમાં ફળીયામાં આવેલ ત્યારે પ્રથમવાર મળેલા અને સંબંધ રાખવા માટે તૈયાર હોવાથી આરોપીએ નવો ફોન આપેલ હતો. થોડા દિવસ પછી વાકસીયા ગામમાં ખેતરમાં શારીરીક સંબંધ બાંધેલ હતો. તા.૦૯૦/૫/૨૫ ના રોજ આરોપી લેવા આવું છું તેમ કહી પાંચ વાગ્યે મોટરસાયકલ ઉપર બારીયા લઈ ગયેલ હતો અને દોસ્તને ત્યાં એક અઠવાડીયું રહેલા. ત્યારબાદ બસમાં બેસી મોરબી ગયેલા અને ત્યાં પતિ–પત્નીની જેમ રહેલા અને ખેતરમાં કામ કરતા હતા. તા.૦૩/૦૬/૨૫ ના રોજ કાર્તિક પરત વાકસીયા ગામમાં મુકવા આવેલ હતો અને તા.૦૪/૦૬/૨૫ ના રોજ મારા પિતાએ મને પોલીસમાં રજુ કરેલ."

(૧૬.૭) ભોગ બનનારને તા.૦૫/૦૫/૨૦૨૪ ના રોજ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે શારીરીક તપાસ માટે લઈ જવામાં આવેલા છે તેના મેડીકલ ઓફિસર ડૉ.નૈસર્ગી વિનોદકુમાર મંડોવરાનાએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ તેણીને હિસ્ટ્રી બાબતે પુછતા તેણીએ જણાવેલ કે " હું આરોપી કાર્તિક સાથે તા.૦૯/૦૫/૨૫ ના રોજ મોરબી ખાતે ભાગી ગયેલા અને ત્યાં અમે ખેતરમાં મજુરીકામ કરતા હતા. ત્યાં અમે ઘણીવાર શારીરીક સંબંધ બાંધેલ. ત્યારબાદ આરોપી મને મારા ઘરે મુકી ગયેલો."

(૧૬.૮) આમ, ભોગ બનનારે વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ તેમજ બન્ને મેડીકલ ઓફિસરશ્રી રુબરુ આપેલ હિસ્ટ્રીમાં બનાવ સંબંધેની હકીકતો લખાવેલી છે. તેમજ આરોપીઓ તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધેલાની હકીકત લખાવેલી છે પરંતુ આ હકીકતને ભોગ બનનારની જુબાનીથી સમર્થન મળતું નથી. બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુનું નિવેદન પુરાવામાં દાખલ થવા પાત્ર છે પરંતુ આ નિવેદનનો ઉપયોગ કોન્ટ્રાડિકશન અને કોરોબરેશન માટે કરવાનો રહે છે એટલે કે ભોગ બનનાર તેણીની જુબાનીમાં નિવેદનથી અલગ

હકીકતો જણાવતા હોય તો આ નિવેદનને બતાવી તેણીની જુબાની લઈ શકાય છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા ભોગ બનનારને આ નિવેદન બતાવી પુછવામાં આવાતા તેણીએ લખાવેલ છે કે ત્યાંથી મને ધાનપુર કોર્ટમાં જજ સાહેબ રુબરુ લઈ ગયેલ અને ત્યાં મારો જવાબ લેવામાં આવેલો. પરંતુ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ મને કોર્ટમાં લઈ ગયેલ તે વખતે મારી સાથે મારી માતા અને પોલીસ સાથે હતા અને તે વખતે હું ગભરાઈ ગયેલી હતી અને તેઓના કહ્યા મુજબ લખાવેલું.

આમ, વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ ભોગ બનનારે જે નિવેદન આપેલ છે તે ભોગ બનનારે તેણીની સ્વેચ્છાએ આપેલ હોવાનું તેણીની જુબાનીમાંથી જણાઈ આવતું નથી. તેટલું જ માત્ર નહી આ એકમાત્ર નિવેદન ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય નહી. આ નિવેદનને ભોગ બનનારની જુબાનીથી સમર્થન મળતું નથી. ભોગ બનનારની જુબાની તે અગત્યનો પુરાવો છે અને તેના સમર્થનની ગેરહાજરીમાં વિ.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ આપેલ નિવેદન અથવા તો મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ આપેલ હિસ્ટ્રી ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય નહી.

મેડીકલ ઓફિસરશ્રીઓએ ભોગ બનનારે જે હિસ્ટ્રી આપેલ છે તે હિસ્ટ્રી બન્ને મેડીકલ ઓફિસરશ્રીઓએ તેઓની જુબાનીમાં જાહેર કરેલ છે પરંતુ આ બન્ને સાહેદો તે કર્ણોકર્ણ સાહેદ છે. તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તે સંજોગોમાં મેડીકલ ઓફિસરશ્રીઓએ હિસ્ટ્રીના સ્વરુપમાં જુબાનીમાં જે હકીકતો જણાવી છે તેને ભોગ બનનારની જુબાનીના સમર્થનની ગેરહાજરીમાં માની આરોપીને કસૂરવાર ઠરાવી શકાય તેમ નથી.

(૧૬.૯) ફરિયાદ પક્ષના સાહેદ ગાયનેકોલોજીસ્ટ ડૉ.નૈસર્ગી વિનોદકુમાર મંડોવરાની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગ બનનારને ૬ અઠવાડીયા અને ૪ દિવસનો ગર્ભ હતા તેમજ આંક-૫૮ થી ડી.એન.એ. સેમ્પલ માટે લોહીના નમુના લેવા પરવાનગી આપવામાં આવેલી પરંતુ આવા નમુનાઓ પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવેલ હોય તેવી કોઈ યાદી રજુ થતી નથી કે આવા નમુનાઓનો પૃથ્થકરણ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી.

આમ, ભોગ બનનારને જે ગર્ભ રહેલ તે હાલના આરોપીના કારણે રહેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૧૬.૧૦) મુદ્દા નં.૧ ની ચર્ચા કર્યા મુજબની વિગતે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ છે. પરંતુ ફરિયાદ પક્ષના રજુ પુરાવામાંથી આરોપી ભોગ બનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી પટાવી, ફોસલાવી અપહરણ કરીને લઈ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. જે સંજોગોમાં આરોપીને આક્ષેપીત ગુના માટે કસુરવાર ઠરાવી શકાય તેમ ના હોય **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

## (૧૭) મુદ્દા નં.૩ ની ચર્ચા –

ઉપરોક્ત મુદ્દા નં.૧, ૨ માં વિગતે ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – આખરી હુકમ –

- આ કામના આરોપી કાર્તિકભાઈ અભેસીંગભાઈ ભુરીયા, રહે.અલીન્દ્રા, ગામતળ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તથા પોક્સો એકટ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોઅનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.
- આ કામના આરોપી જામીન ઉપર મુક્ત હોય તેઓના જામીન તથા જામીનખત રદ કરવા.

- આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(એ) અન્વયે મુજબના અપીલ સમય સુધીના રુ.૧૫૦૦૦/– ના જામીન આપવા.
- ભોગ બનનારની ઓળખ છતી થતી હોય એવા દસ્તાવેજોને રજીસ્ટ્રારશ્રીએ સીલબંધ કવરમાં મુકી રેકર્ડ સાથે રાખવા તથા તેના સ્થાને સુધારેલી નકલ મુકવી.

હુકમ આજ તા.૧૮ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૩/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ & સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી